# કોલેજોમાં પ્રવેશ સંખ્યા અને લાયકાત નિયંત્રિત હોવા જોઇએ.

છેલ્લા કેટલાક વર્ષથી શિક્ષણક્ષેત્રે ખાનગી - સેલ્ફાયનાન્સ કોલેજો અને યુનિવર્સિટીઓ ખુલી રહી છે. ખૂબ જ સારી બાબત છે. લોકભાગીદારીથી સરકાર સમાજને આ રીતે પ્રોત્સાહિત કરે અને થકી રાષ્ટ્રના હિતો જળવાય તેમજ રાષ્ટ્ર વિકાસ પામે તે ઉત્તમ બાબત છે. આમછતાં શિક્ષણક્ષેત્રે જ્યારે સ્વાયત્તતા આપવામાં આવે છે ત્યારે તેનો દૂરોપયોગ તાય તે સહેજ પણ સ્વીકાર્ય બાબત નથી. આવો દૂરોપયોગ અત્યારે તતો હોય તેમ જોવા મળે છે.

સેલ્ફપાયનાન્સ અથવા તો ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ ખોલવા પાછળનો હેતુ બહુ જ અગત્યનો ભાગ ભજવે છે. આજે પણ સરકારી સહાય લેતી અનેકાનેક ખાનગી શાળા-કોલેજો છે જ, જેમાં ઘણી સંસ્થાઓ ખૂબ જ સારું સુંદર કામ કરે છે. જેને કારણે જ બીજી સંસ્થાઓ ઉજળી છે એમ કહેવામાં સહેજ પણ અતિશ્યોક્તિ નથી. આવી સંસ્થાઓની સંખ્યા ઘટતી જાય ચે જે દુ:ખદ બાબત છે. પણ અત્યારના સમયમાં ખુલતી કેટલીક સંસ્થાઓને બાદ કરતાં મોટાભાગની શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણ કે સેવાના ઈરાદા કરતાં પૈસા કમાવાના ઈરાદાથી ખુલે છે. આવી સંસ્થાઓ ક્યારેક ખુલ્વાના થોડા જ વર્ષોમાં ખતમ પણ થઇ જાય છે. આવી સંસ્થાઓ કે જેનો ઈરાદો માત્ર વિદ્યાર્થી પાસેથી ઊંચી ફી લઇને કમાણી જ કરવાનો હોય, ત્યારે તેવી સંસ્થાઓને સમાજ અને સરકારે બચાવવાની શી જરૂર છે ? છેલ્લા બે ત્રણ વર્ષથી પી.ટી.સી., બી.એડ્. ફાર્મસી, એન્જિનીયરીંગ, એમ.બી.એ.ની કોલેજોનો રાફડો ફાટયો હતો. ત્યારે વિદ્યાર્થી સંખ્યા મળવાથી આવી સંસ્થાના સંચાલકોને ઘીકેળાં હતાં. પણ અમુક અભ્યાસક્રમોમાં જે તે અભ્યાસક્રમ બાદ નોકરી નહીં મળવાને કારણે કે ઊંચી ફીને કારણે કે વિદ્યાર્થીઓમાં રસ ઓછો થવાને કારણે કે જે તે કોર્ષનું મહત્ત્વ ઘટવાને કારણે આજે વિદ્યાર્થી સંખ્યા પૂરતી મળતી નથી. ત્યારે કેટલાક સંચાલકો પોતાને નુકશાન ન જાય કે પોતાને વધુ ફાયદો થાય તે માટે અવનવા રસ્તાઓ કે દબાણો દ્વારા વિદ્યાર્થી સંખ્યા મેળવવાના પ્રયત્નો કરે છે.

અત્યારે હરીફાઇના યુગમાં વિદ્યાર્થીઓને પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષા લેવામાં આવે છે. પ્રવેશ પરીક્ષાને કારણે જે તે અભ્યાસક્રમને માટે લાયક વિદ્યાર્થીઓ જ પ્રવેશ મેળવે છે. ઉપરાંત કોઇ હોશિયાર વિદ્યાર્થીને અન્યાય થતો નથી. ત્યારે હમણાં જ કેટલાક સંચાલકોની માંગણી હતી કે, અમારી કોલેજોમાં જગ્યા ખાલી છે, તો પ્રવેશ પરીક્ષા લીધા વગર કે પરીક્ષા ન આપી હોય તેવા વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવા દો. ત્યારે પ્રશ્ન થાય કે આવી છૂટ શા માટે આપવી જોઇએ. ગુણવત્તાને ભોગે સંખ્યાને ક્યારેય મહત્ત્વ ન જ અપાય. સંચાલકોની માંગણી તો ત્યારે હદ કરી ગઇ કે, જ્યારે તેમની માંગણી હતી કે, પ્રવેશ માટે જોઇતી લાયકાત – જોઇતા ઓછામાં ઓછા ટકામાં પણ ઘટાડો કરો. અત્યારે મોટાભાગે આવા અભ્યાસક્રમોમાં ૪૫-૫૦ ટકા જેટલું પ્રવેશ ધોરણ છે. તે ઘટાડવાની માંગ છે. સરકાર અત્યારે જો ફેરફાર કરીને પ્રવેશ ધોરણો ઘટાડશે તો બે-પાંચ વર્ષ પછી ફરીથી જગ્યા કાલી રહેશે તો ફરીથી સંચાલકો પ્રવેશ ધોરણો ઘટાડવાની વાત કરશે. જેને કારણે ભવિષ્યમાં એક એવો સમય પણ આવશે કે પાસ થયેલ કે નાપાસ થયેલ વિદ્યાર્થીને ઇચ્છે ત્યાં પ્રવેશ આપવો. હમણાં જ થોડા દિવસ પૂર્વે સર્વોચ્ચ અદાલતે ચેગ્ય રીતે ન ચાલતી કે અમાન્ય કોલેજો સામે લાલ આંખ કરી છે. એટલું જ નહીં અદાલતે તો ત્યાં સુધી કહ્યું છે કે

અમાન્ય કોલેજોમાં પ્રવેશ આપનાર જેમ ગૂનેગાર ચે તેમ પ્રવેશ લેનાર પણ ગૂનેગાર જ છે. આવા વિચર્થીઓ તરફ સહાનુભૂતિ બતાવી ન શકાય.

આપણી સરકાર પણ એક ભૂલ કરી રહી છે કે, જેને જે કોલેજ ખોલવી હોય તેને ખોલવા દેવી. આમથતાં દરેક કોર્ષમાં વિદ્યાર્થી સંખ્યાના પ્રમાણમાં બેઠકોની સંખ્યા વધતી જાય ચે. પરિણામે ઘણી કોલેજોમાં બેઠકો કાલી રહે છે. હા સરકારનો એક ઇરાદો સારો ચે કે, બાઇ જે સંસ્થા સારું કામ કરતી હશે તે ચાલશે, બાકીની બંધ થઇ જશે. જો સરકાર આ ઇરાદામાં પાકી અને સાચી હોય તો પ્રવેશના ધોરણો ઘટાડવા ન જ જોઇએ. પણ સાથે સરકારે ઘર બે-પાંચ વર્ષે એક સર્વે પણ કરવો જોઇએ કે, ભવિષ્યમાં કયા ક્ષેત્રમાં કેટલા સમય પછી કેવા માણસોની જરૂર પડશે ? જેને આધારે જ કોલેજોની સંખ્યા કે કોલેજોમાં બેઠકોની સંખ્યામાં ઘટાડો કે વધારો કરવો જોઇએ. આજે પણ પરદેશમાં આ સિસ્ટમ ખુબ જ સારીતે ચાલે છે. ઓસ્ટ્રેલિયા જેવા દેશમાં તો ભવિષ્યમાં જરૂરિયાતને આધાર તે પ્રમાણેની કોલેજો ખોલવા દેવામાં આવે છે, તે ચોક્કસ અભ્યાસક્રમોમાં સરળતાથી પી.આર. પણ આપે છે. તો વળી અમુક અભ્યાસક્રમોના અંતે જેની જરૂરિયાત ન હોય તેવા બહારના લોકોને ટકવા પણ દેતા નથી. કહેવાનો અર્થ એ છે કે, સમાજ અને રાષ્ટ્રને જરૂર છે તેવા યુવાનો બનાવો તેવા પેદા કરો. જેની સંખ્યા પણ જરૂરિયાતને આધારે રાખો.

આપણે જાણીએ છીએ કે, દરેક સમાજ અને રાષ્ટ્રને દરેક પ્રકારના વ્યવસાય કરતા લોકોની જરૂરિયાત છે અને રહેશે. ડૉક્ટર, એન્જિનીયર, વકીલ, ડ્રાયવર, કંડક્ટર, દરજી, સુથાર, વન રક્ષક, પાણી રક્ષક, રસોયા, કડિયા, શિક્ષક, પ્રોફેસર, હિસાબી કારકૂન, કમ્પ્યૂટર નિષ્ણાત જેવા હજારો વ્યવસાય કરતા લોકોની દરેક સમાજને જરૂરિયાત છે. હવે એક કલ્પના કરીએ કે, પ્રવેશ ધોરણો ઘટાડવામાં આવે અને કોલેજની સંખ્યા વધારવામાં આવે તો શું થાય ? જે વ્યવસાય ઉચ્ચ ગણાતો હોય તે વ્યવસાયમાં જ બધા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવશે. એટલે કે હવે પછી બધા વિચર્થીઓ એન્જિનીયર કે ડૉક્ટર જ બનશે. જ્યાં જોઇશું ત્યાં ડૉક્ટર કે અન્જિનીયરના જ બોર્ડ મારેલા હશે. તેમની સંખ્યા વધુ હોવાને કારણે મોટાભાગના યુવાનો બેકાર હશે. બીજી તરફ અન્ય વ્યવસાય માટેના માણસો મળશે નહીં.એકકે બે ચાર વ્યવસાયના જ લોકો મળશે. પછી આ બધા કરશે શું ? માટે જ દરેક સમાજે અને રાષ્ટ્રએ પોતાની જરૂરિયાતને ધ્યાનમાં રાખી, દરેક વ્યવસાયના લોકો પૂરતા પ્રમાણમાં મળી રહે અને કોઇને બેકારીનો સામનો ન કરવો પડે તે રીતે નિર્ણય લેવા જોઇએ. જેમાંનો એક નિર્ણય એ જ છે કે, કોલેજોની સંખ્યા જરૂરિયાત મુજબ રાખો અને પ્રવેશના ધોરણો સહેજ પણ હળવા ન કરો. અત્યારે કોલેજોમાં સંખ્યા ગટવાનું એક કારણ એ પણ છે કે, વિદ્યાર્થીઓ સમજી ગયા છે કે આ વ્યવસાયમાં માંગ કરતાં પૂરવઠો વધુ છે. છતાં જો કોઇ સંસ્થામાં બેઠકો ખાલી રહેતી હોય તો તેના સંચાલકો ફી માફી આપે કે શિષ્યવૃત્તિ આપે કે સગવડતાઓ વધારી આપે તો ત્યાં કોઇ બેઠક ખાલી રહેશે નહીં. પણ સંચાલકો આવું વિચારશે ખરા ? કોઇ એમ પણ કહે કે, વિચર્થીને જે ભણવું હોય તે ભણવાની છૂટ આપવી જોઇએ. તે સ્વતંત્ર છે. વાત પ્રથમ દૃષ્ટિએ સાચી લાગે, પણ ઓછી લાયકાતે પ્રવેશ આપવો અને સમાજને જરૂર ન હોય તેવા બેકાર માનસો પેદા કરવા તે ડહાપણ ભર્યું તો નથી જ.